# Vivekanand Academy, Gandhinagar
# Sector - 22
# Day to Day Current Affairs

- 25th March, 2015

**૧) આમોલ પાલેકર :–**

– ભારતની ઓસ્કાર જ્યુરીના ચેરમેન પદે જાણીતા અભિનેતા અને દિગ્દર્શક આમોલ પાલેકરની નિમણૂંક થઈ છે.

– ઓસ્કાર એવોર્ડની શ્રેષ્ઠ વિદેશી ફિલ્મોની શ્રેણીમાં કઈ ભારતીય ફિલ્મને મોકલાવી તેનો નિર્ણય આ જ્યુરી કરશે.

– આમોલ હવે ૧૭ સભ્યોની જ્યુરીનું નેતૃત્વ કરશે.

– ભારતની ઓસ્કાર જ્યુરીના આ ૧૭ સભ્યોમાં ગુજરાતના વિખ્યાત અભિનેતા નરેશ કનોડીયાને પણ સ્થાન આપવામાં આવ્યું છે.

– આગામી ૨૮ ફેબ્રુઆરી, ૨૦૧૬ના રોજ ૮૮ માં ઓસ્કાર એવોડર્સનું આયોજન લોસ એન્જલસ ખાતે કરવામાં આવશે.

**૨) ટપાલ વિભાગે સમ્રાટ અશોકની યાદમાં ટપાલ ટિકિટ બહાર પાડી :–**

– મૌર્ય વંશના મહાન રાજા સમ્રાટ અશોકની યાદમાં ટપાલ વિભાગે રૂ. ૫ ની ટપાલ ટિકિટ બહાર પાડી.

– સમ્રાટ અશોકની યાદમાં ટપાલ ટિકિટ બહાર પાડવા યોજાયેલ આ કાર્યક્રમમાં કેન્દ્રિય દુરસંચાર અને આઈટી પ્રધાન રવિશંકર પ્રસાદે જણાવ્યુ કે આગામી સમયમાં ડો. અબ્દુલ કલામ સહિત દેશની ૨૫ મહાન વ્યકિતઓની ટપાલ ટિકિટ બહાર પાડશે.

**૩) વર્લ્ડ એથ્લેટિકસ ચેમ્પિયનશીપ :–**

– હાલમાં બેઈજિંગ ખાતે વર્લ્ડ એથ્લેટિકસ ચેમ્પિયનશીપ યોજાયેલ છે.

– આ અંતર્ગત પુરૂષોની ૧૦૦ મીટર દોડમાં જમૈકાના યુસેન બોલ્ટે શાનદાર દેખાવ કરી ગોલ્ડ મેડલ જીત્યો.

– જ્યારે મહિલાઓની ૧૦૦ મીટર દોડમાં જમૈકાની જ શેલી એન ફ્રેઝરે ૧૦.૭૬ સેકન્ડમાં રેસ પૂર્ણ કરી ગોલ્ડ મેડલ મેળવ્યો હતો.

**૪) લલિતા બાબર :– એથ્લેટ્સ**

– ભારતની લલિતા શિવાજી બાબરે વર્લ્ડ એથ્લેટિકસમાં નવો નેશનલ રેકોર્ડ સ્થાપીને ૩૦૦૦ મીટર સ્ટિપલચેઝની ફાઈનલમાં પ્રવેશ કર્યો.

– લલિતાએ કવોલિફાઈગ હિટમાં ૯ મિનિટ અને ૨૭.૮૬ સેકન્ડના સમય સાથે ચોથું સ્થાન હાંસલ કર્યુ હતું.

– આ એક નવો ભારતીય વિક્રમ છે અગાઉ નેશનલ રેકોર્ડ પણ લલિતાના નામે જ હતો.

– હવે બેઈજિંગ ખાતે સ્ટિપલચેઝની ફાઈનલ ૨૮ મી ઓગસ્ટે યોજાશે.

Vivekanand Academy, Gandhinagar

**૫) ૧૦૮ ઈમરજન્સી સર્વિસ :–**

– કેન્દ્રની ૧૦૮ ઈમરજન્સી એમ્બુલન્સ સેવાનો પ્રારંભ ૧૫ ઓગસ્ટ, ૨૦૦૫ના રોજ આંધ્રપ્રદેશના અહીલાબાદથી થઈ હતો.

**૬) સિનસિનાટી ઓપન ટેનિસ ચેમ્પિયનશીપ :–**

– મેન્સ વિજેતા :– રોજર ફેડરર

હરીફ :– નોવાક યોકોવીચ

– આ સાથે ફેડરરે સાતમું ટાઈટલ જિત્યું.

– વિમેન્સ વિજેતા :– સેરેના વિલિયમ્સ (યુ. એસ.)

હરીફ :– સિમોના હાલેપ (રોમાનિયા)

**૭) વિન્સ છાબરિયા :– મૂળ ભારતીય અમેરિકી**

– તાજેતરમાં પ્રેસિડેન્ટ બરાક ઓબામાએ ભારતીય મૂળના ફેડરલ જજ વિન્સ છાબરિયાને અમેરિકાના ત્રીજા સૌથી મોટા સ્ટેટ કેલિફોર્નિયામાં ફુલ ટાઈમ જજ તરીકે બઢતી આપી.

**૮) પાટનગર ગાંધીનગર વાઈ – ફાઈ સિટી બનશે :–**

– ભારત સરકારના સ્માર્ટ સિટી વિઝન પ્રોજેકટ હેઠળ આ સુવિધા ઉપલબ્ધ કરવામાં આવશે.

– સ્માર્ટ સિટીનો પ્રોજેકટ ભારત અને ગુજરાત સરકારનો સંયુકત પ્રોજેકટ છે માટે આ કેન્દ્ર સરકાર આ પ્રોજેકટ માટે આર્થિક મદદ કરશે.

– રાજય સરકાર ચાલુ વર્ષે ઈન્ટરનેટ કનેકિટવિટી માટે રાજયભરમાં હોટસ્પોટ ઉભા કરી રહી છે જેનો સૌપ્રથમ લાભ ગાંધીનગરને મળશે.

– આ માટે શહેરના વેપારી વિસ્તાર સેકટર – ૧૧ માં વાઈ – ફાઈ માટેનો શોર્ટ – ટર્મ પ્રોજેકટ શરૂ કરવામાં આવશે. ત્યારબાદ વિવિધ સેકટરોમાં તેનો અમલ શરૂ કરવામાં આવશે.

– ગુજરાતનું પાટનગર ગાંધીનગર કુલ ૩૦ સેકટરમાં પથરાયેલું છે.

Vivekanand Academy, Gandhinagar